## ઈદે મિલાદ નિમિત્તે જુલુસને મંજૂરી

ગાંધીનગર, તા. ૧૭

ઈદે મિલાદની ઉજવણીને અમુક નિયમોના પાલન સાથે મંજૂરી આપવામાં આવી છે. ઈદે મિલાદ નિમિત્તે મંજૂરી સાથે જુલુસ યોજી શકાશે પરંતુ તેમાં માત્ર એક જ વાહન અને ૧૫ વ્યક્તિઓ જ જોડાઈ શકશે.

કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ તહેવારોની ઉજવણી બાબતે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિર્ણય લેવામાં આવે છે. હાલમાં કોરોનાની પરિસ્થિતિ હળવી હોઈ નવરાત્રીની ઉજવણીને મંજૂરી અપાઈ હતી. તેના પગલે જ ઈદે મિલાદની ઉજવણી માટે રજૂઆત કરવામાં આવતા રાજ્ય સરકારે અમુક મર્યાદાઓ અને નિયંત્રણ સાથે ઈદે મિલાદની ઉજવણીને મંજૂરી આપી છે. ઈદે મિલાદનુ જુલુસ યોજી શકાશે પરંતુ તેમાં માત્ર એક જ વાહન જોડી શકાશે અને મહત્તમ ૧૫ વ્યક્તિઓ જ તેમાં જોડાઈ શકશે. દિવસ દરમ્યાન જ જુલુસ યોજી શકાશે. જુલુસ જે તે વિસ્તારમાં જ ફરી શકશે. સાથે જ તહેવારોની ઉજવણી દરમ્યાન કોવીડ ગાઈડલાઈનનું પાલન કરવાનુ રહેશે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૧૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લાના ગામ ગોઢ, અઢેરા, રૂદ્રેશ્વર તથા ભેટાલી ચાર રસ્તા પાસે એમ કુલ ૧૨ ગામોના ૧૩૬ લાભાર્થીને પ્રત્યેકને ૩ કિ.ગ્રા. ચોખા તેમજ ચા અને નાસ્તાના પેકેટ તથા બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. અરવલ્લી જિલ્લાના ૬ ગામોના ૨૫ વિધવા બહેનોને જેઓના ઘર કાચા છે તેઓને પ્રત્યેકને ૧૨ઠ૧૦ ફીટના પ્લાસ્ટિક આપવામાં આવ્યા હતા. આ સેવા કાર્યમાં શ્રુતિ ગુપ્તે, પ્રમોદભાઈ તથા મિલિન્દભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરની વાર્ષિક સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

મહારાષ્ટ્ર સમાજ સેક્ટર-૨૧ ખાતે નવીન હોદેદારોની નિમણૂંક માટે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સર્વે હોદેદારો બિન હરીફ ચૂંટાયા હતા. જેમાં અધ્યક્ષ તરીકે સોમનાથ ખાંદારે, સેક્રેટરી તરીકે સંદિપ પાંગેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# નવરાત્રી પછીના પ્રથમ રવિવારે જ ઘરાકી ખુલતા વેપારીઓમાં ઉત્સાહ

### જો કે દિવાળીની ખરીદીની ખરી રોનક તા. ૨૯મી ઓક્ટોબર પછી જ જોવા મળશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં નવરાત્રીના સમાપન બાદ બજારોમાં દિવાળીની ખરીદીની શરૂઆત થઈ જવા પામી છે. નવરાત્રી પછીના પહેલા માહોલ પ્રસરવા પામ્યો છે.

કોરોના મહામારીના કારણે લાંબા સમય સુધી બજારોમાં મંદીની અસર વર્તાઈ હતી અને વેપાર-ધંધા નબળાં રહેવાથી શહેરનો વેપારી ધીમે વિવિધ છુટછાટો જાહેર કરવા માંડી હતી જેમાં ખાસ કરીને ઉત્સવો-તહેવારોમાં આપેલી છુટછાટોની અસર સીધી બજાર પર જોવા મળી રહી છે. અગાઉ ધીમે ધીમે બજારોમાં વ્યાપેલો સુનકાર દૂર થઈ રહ્યો છે અને ફરી બજારોમાં રોનક પરત ફરતી જણાઈ રહી છે. નવરાત્રી પછીના પહેલા જ રવિવારે શહેરના સેક્ટર- કર્મચારીનગર છે અને રાજ્ય સરકાર દ્વારા આગામી દિવાળીના પર્વને અનુલક્ષીને કર્મચારીઓના પગાર તા. ૨૯મી ઓક્ટોબરે કરી દેવાની જાહેરાત કરી દેતા







રવિવારે આજે સેક્ટર-૨૧ના ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર સહિતના બજારોમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો જણાયો હતો જેના કારણે વેપારીઓમાં પણ ઉત્સાહનો વર્ગ ચિંતિત જણાતો હતો. જો કે છેલ્લાં કેટલાંક મહિનાથી રાજ્યભરમાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં ઘટાડો થવા સાથે રાહત જણાતાં સરકારે પણ ધીમે જન્માષ્ટમી અને ગણેશ ઉત્સવ બાદ હવે નવરાત્રી પણ સારી રીતે ઉજવાતા શહેરમાં આ વર્ષે ફરી દિવાળી ધમાકેદાર રીતે ઉજવાશે તેવી આશા બંધાઈ છે. આ કારણે ૨૧ના ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર સહિતના અન્ય બજારોમાં પણ ગ્રાહકોની નોંધપાત્ર ભીડ અનુભવાઈ હતી.

જો કે ગાંધીનગર એક કર્મચારીઓમાં પણ ઉત્સાહનો માહોલ છે જેના કારણે શહેરના બજારોમાં દિવાળીની ખરી રોનક તા. ૨૯મી ઓક્ટોબર પછી જોવા મળશે તે નક્કી જણાઈ રહ્યુ છે.





ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટાયેલા અનુ. જાતિના નગરસેવકોનો સન્માન કાર્યક્રમ આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો. દલિત અધિકાર સંઘ, ગુજરાત દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ અને વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તુ મારો ફોન કેમ ઉપાડતો નથી.. તેમ કહીને યુવકને માર માર્યો

ગાંધીનગર,તા.૧૭

પેથાપુર જીઈબી ખાતે "તુ મારો ફોન કેમ નથી ઉપાડતો" તેમ કહીને ગાળો બોલીને મિત્રએ જ મિત્રને ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે તેની સાથે આવેલા અન્ય યુવકે માથાના ભાગે કડુ મારતા લોહી નીકળતા જાનથી મારી નાંખવાની ધમકી આપી બંને યુવકો રફુચક્કર થઈ ગયા હતા. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ચિલોડા નજીક ધણપ ગામના વતની અને હાલ પેથાપુર પોલીસ લાઈન ૨૯-૩ ખાતે રહેતા રાજવીરસિંહ દિલિપસિંહ રાણા પોતાના માતા-પિતા સાથે રહે છે અને અમદાવાદ વિસત ખાતે આઈઈએલટી એસના કલાસ કરે છે. ગતરોજ સાંજના સુમારે પોણા પાંચ વાગ્યાના અરસામાં રાજવીરસિંહ કલાસીસ ખાતે હતા. તે સમયે પેથાપુર જૈન દેરાસરની પાસે રહેતા રવિરાજસિંહ પઢીયારનો ફોન આવ્યો હતો. પરંતુ કલાસીસમાં હોવાથી ફોન ઉપાડ્યો ન હતો. બે ત્રણ વાર ફોન આવ્યો છતા રીપ્લાય ન આપી શક્યા હોવાથી રાજવીરસિંહે કલાસ પૂર્ણ થયા બાદ રવિરાજસિંહને કોલ કર્યો હતો, તો સામે થી તેઓએ મારો ફોન કેમ ઉપાડતો નથી તેમ કહીને જેમ તેમ ગાળો બોલવા લાગ્યા હતા. જેથી રાજવીરસિંહે ગાળો બોલવાની ના પાડતા વધુ ઉશ્કેરાઈને હું તને જોઈ લઈશ તેમ કહીને ફોન મુકી દીધો હતો. ત્યારબાદ રાત્રીના નવ વાગ્યાના અરસામાં રવિરાજસિંહનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે હું જીઈબી કોલોની અંદર પેથાપુર તરફના ગેટ ખાતે ઉભો છુ મને મળવા માટે આવ. રાજવીરસિંહ મળવા માટે ગયા હતા તે સમયે રવિરાજસિંહ તેમના અન્ય મિત્ર સાથે ઉભા હતા. તે સમયે રવિરાજસિંહ કહ્યું હતું કે તુ મારો ફોન કેમ ઉપાડતો નથી અને મારી સામે દાદાગીરી કરે છે. તેમ કહીને ગાળો બોલીને રાજવીરસિંહને બે લાફા મારી દીધા હતા. તે ઉપરાંત ગડદાપાટુનો માર માર્યો હતો. તે સમયે રવિરાજ સાથે રહેલા તેમના મિત્રએ રાજવીરસિંહને માથાના ભાગે કડુ મારતા ઈજા પહોંચી હતી. જયારે જતા જતા રવિરાજસિંહ કહેવા લાગ્યો હતો કે મારી સામે બોલીશ કે પોલીસ ફરીયાદ કરીશ તો જીવતો નહી રહેવા દઉં તેવી ધમકી આપી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૬ બી નિવૃત સેકશન અધિકારીના ઘરમાંથી પાંચ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેક્ટર-૬માં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. નિવૃત અધિકારીના બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશી તિજોરી તેમજ લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૫ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ લઈ તસ્કરોને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૬ બી પ્લોટ નં.૬૩૫-૧ ખાતે રહેતા મહેશભાઈ વલ્લભદાસ રાજપુરા તેમની પત્ની અનિતા સાથે રહે છે. તેઓ વર્ષ ૨૦૧૬માં સામાન્ય વહીવટ વિભાગમાંથી વય નિવૃત થયા છે. મહેશભાઈને અમદાવાદ પાલડી ખાતે પણ મકાન આવેલુ છે. જયારે ઘણા વર્ષોથી તેમના ઘરે કુંડાઓમાં પાણી છાંટવા અને ગાડી ધોવા માટે વર્ષોથી ગણેશભાઈ આવે છે. ગત તા.૯ ના રોજ સાળા રાગેશભાઈના ઘરે સામાજીક પ્રસંગ હોવાથી મહેશભાઈ અને તેમના પત્ની થલતેજ ખાતે ગયા હતા. ત્યાંથી પાલડી ખાતે આવેલા મકાનમાં રહેવા માટે ગયા હતા. આજે સવારે ગણેશભાઈએ ઘરનો દરવાજો ખુલ્લો હોવાથી મહેશભાઈને જાણ કરી હતી. મહેશભાઈના કહેવાથી ગણેશભાઈ અને હંસાબેનના દિકરા જતીન શાહે ઘરમાં જઈને તપાસ કરતા જાણ થઈ હતી કે ઘરમાં ચોરી થઈ છે. જેથી મહેશભાઈ તાત્કાલીક ગાંધીનગર આવી પહોંચ્યા હતા.તેઓએ ઘરમાં જઈને તપાસ કરતા ઘરના મુખ્ય દરવાજાનું લોક તુટેલુ હતું. બેડરૂમમાં રહેલ લાકડાનું કબાટ ખુલ્લુ હતુ અને સામાન વેરવિખેર પડ્યો હતો.

જયારે પ્રથમમાળે પેસેજમાં રહેલી લોખંડની તિજોરી પણ ખુલ્લી પડી હતી અને ડ્રોઅર તુટેલી હાલતમાં નજરે પડ્યું હતું. તેમા રહેલા સામાન પણ અસ્ત વ્યસત પડ્યો હતો. મહેશભાઈએ ઘરમાં જઈને તપાસ કરતા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૫ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



### ચોરી થયેલી ચીજવસ્તુઓની યાદી

- ૫ તોલાની બે જોડ સોનાની બંગડી કિ.રૂ.૨.૩૦ લાખ
- અડધા તોલાની સોનાની ત્રણ લેડીઝ રીંગ કિં.રૂ.૨૩ હજાર
- સોનાની ડાયમંડવાળી કાનમાં પહેરવાની એક જોડ બુટ્ટી કિં. રૂ.૨૦ હજાર
- ત્રણ તોલાનું સોનાનું ગળામાં પહેરવાનું ડોકીયું કિ.રૂ.૧.૩૮ લાખ
- એક તોલાની સોનાની ત્રિકોણ ડિઝાઈનની ચેઈન કિં.રૂ.૪૬ હજાર
- ૫૦૦ ગ્રામ વજનનો ચાંદીનો લોટો કિં.રૂ.૩૦ હજાર
- ૨૦૦ ગ્રામ વજનની ચાંદીના સાંકળ કિં.રૂ.૧૨ હજાર

જયારે રોકડ રૂ.૩ મળી કુલ રૂ.૫ લાખ ૨ હજારની મત્તાની ચોરી થઈ છે.

## રાજ્યમાં કોરોનાના કુલ ૧૦ નવા કેસ

ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં કોરોનાના કેસમાં રોજે રોજ આસમાની સુલતાની જોવા મળી રહી છે. રાજ્યમાં આજે ૧૦ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૬ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૯૯૭ નાગરિકોએ કોરોનાને મ્હાત આપી છે. તો બીજી તરફ રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

રાજ્યમાં કુલ ૧,૧૧,૬૬૨ રસીના ડોઝ નાગરિકોને આપવામાં આવ્યા છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૨૦૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૨૦૧ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૯૯૭ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. તો બીજી તરફ કુલ ૧૦૦૮૬ નાગરિકોના અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત પણ થઈ ચુક્યા છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.




**શાહપુર પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષિકા ગીતાબેન પટેલનો વિદાય સમારંભ**

ગાંધીનગર તાલુકાના શાહપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા ગીતાબેન અમીચંદભાઈ પટેલ વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ તથા સન્માન સમારંભ રાખવામાં આવ્યો. આ સમારંભમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ કરી તેમનુ સન્માન કર્યુ. ગીતાબેન દ્વારા શાળાને ૫૦,૦૦૦ રૂપિયાનું દાન આપવામાં આવ્યું. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ તેમને સ્વસ્થ જીવન માટે શુભેચ્છા પાઠવી શાળા પરિવારે તેમને આભાર વ્યક્ત કર્યો હતો.

# દહેગામ-નરોડા માર્ગ પર રામપુરા પાટીયા પાસે ઈકો-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૭

દહેગામ-નરોડા હાઈ વે પર રામપુરા પાટીયા નજીક ઈકો કારના ચાલકે પુર ઝડપે ગફલતભરી હંકારી બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર દંપતિ અને બાળક સહિત પરિવારને શરીરે ઈજાઓ પહોંચતા દહેગામની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના ગલુદણ ગામના વતની જીગ્નેશકુમાર હર્ષદભાઈ પટેલ (ઉં.૩૩) અમદાવાદ મેમ્કો લુબી કંપનીમાં ફરજ બજાવે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. જીગ્નેશભાઈ નોકરી એ આવન-જાવન માટે જી.જે.૧૮.સી.કે.-૨૩૪૮ ઉપયોગ કરે છે. ત્યારે ગતરોજ બપોરના સુમારે જીગ્નેશભાઈ તેમના પત્ની અને બાળક સાથે અમદાવાદ નરોડા જવા કપડા લેવા માટે જવા નીકળ્યા હતા.

ત્યારે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ દહેગામ-નરોડા હાઈ વે પર રામપુરા પાટીયા પાસે પુરઝડપે અને ગફલતભરી રીતે ઈકો હંકારી ટ્રકને ઓવરટેક કરી બાઈકની બાજુમાંથી પસાર થઈને બાઈકને ઈકો અથડાવતા બાઈક ચાલક દંપતિ અને બાળક નીચે પડી ગયા હતા. જયારે ઈકો ચાલકે પોતાની ગાડી આગળ ઉભી રાખી હતી તે સમયે નંબર જોતા જી.જે.૦૧. એચ.ડબલ્યુ-૪૬૬૮ હતો.

અકસ્માતમાં જીગ્નેશભાઈને હાથે પગે અને દિકરા દક્ષને માથાના ભાગે તેમજ જીગ્નેશભાઈના પત્ની માયાબેનને માથાના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ઈકો ચાલક દહેગામની કિષ્ના હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ ગયો હતો. બનાવ અંગે પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રોટરી કલબ ઓફ કેપીટલ દ્વારા વિવિધ સ્પર્ધાના ઈનામ વિતરણ કરાયા

ગાંધીનગર,તા.૧૭

શહેરની સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા (કન્યા) ખાતે શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ગરબા સ્પર્ધાનું આયોજન રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત કવીઝ કોમ્પીટીશનના વિજેતાઓને ઈનામ રોટરી કલબ સાથે જોડાયેલા તેમજ કોર્પોરેટર શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી અને સોનાલીબેન ઉરેનકુમાર પટેલનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રૂચિરભાઈ ભટ્ટ દ્વારા શાળાની દિકરીઓએ સુંદર ગરબા રજુ કર્યા તે બદલ અભિનંદન આપ્યા હતા. તે ઉપરાંત તમામ દિકરીઓ અભ્યાસમાં નિપૂણ બને અને સરકારની યોજનાઓનો સંપૂર્ણ લાભ મેળવે તેવી આશા વ્યકત કરતા શાળા પરિવારની કન્યાઓ માટે રૂ.૧૦ હજારની સહાય અર્પણ કરી હતી. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ પ્રમુખ અને નિવૃત સનદી અધિકારી રોટે. એસ.કે.નંદા એ પણ દિકરીઓને અભ્યાસમાં એકાગ્રતા રાખવા માટેને અનેક સુચારુ ઉપાયો બતાવી દિકરીઓને કેવા પ્રકારનો ખોરાક લેવો તે અંગે પણ સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સંસ્થાના પૂર્વ પ્રમુખ અમીબેન શાહ દ્વારા સંસ્થાના કાર્યોથી સૌને પરિચિત કરી મહેમાનું પુસ્તક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ગરબા તેમજ કવીજ સ્પર્ધાના વિજેતા ૧૪ બહેનોને મહેમાનોના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. સંસ્થાના સ્થાપક પ્રમુખ જગત કારાણી દ્વારા પણ ખાસ ઈનામ જાહેર કરાયા હતા. ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે આશાબા સરવૈયા અને પ્રજ્ઞાબેન ગજ્જરે સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આદર્શ નિવાસી કન્યા શાળાના આચાર્ય, શિક્ષકગણ, રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગરના યુવરાજસિંહ વાઘેલા, અરવિંદભાઈ રાણા, ઈલાબેન વોરા, મનોજભાઈ સરૈયા, અશ્વિન શર્મા, રોટે.ગૌરાંગ રાવલ, ડાહ્યાભાઈ ભરવાડ, ઉરેન પટેલ, દિપ્તીબેન સબાપરા, વી.એલ.પટેલ, હીરાભાઈ ભરવાડ, જયશ્રીબેન ખેતીયા, હસમુખભાઈ પટેલ, પત્રકાર હરીશ રાણા, સુભાષભાઈ ડોબરીયા, નિલેશ પુજારા સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી પાર્થ ઠક્કર અને આભારવિધી શાળાના તેજલબેન દ્વારા કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

- રાજ્ય મંત્રીમંડળના સભ્યોના કાર્યાલયમાં પી.એ. પી.એસ.ના સામુહિક હુકમો બાદ ગઈકાલે મુખ્યમંત્રીના કાર્યાલયમાં પણ નવ જેટલા અધિકારીઓની નિમણુંકના હુકમો જારી કરાયા છે.
- રાજ્ય સેવા, પંચાયત સેવા કે રાજ્યના જાહેર સાહસોમાં નોકરી કરતા દંપત્તિને શક્ય હોય તેવા કેસમાં એક જ સ્થળે અથવા નજીકના સ્થળે રાખવાના હુકમો સરકારે કર્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ અંગે આજે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રાથમિક શિક્ષણની શિષ્યવૃત્તિ માટે ૭૦ ટકા બાળકો હાજર રહ્યા હતા જ્યારે માધ્યમિક શિક્ષણની શિષ્યવૃત્તિ માટે ૪૦ ટકા જ બાળકો જ પરીક્ષામાં હાજર રહ્યા હતા.
- સે. ૭-એ વસાહત મંડળ દ્વારા આઠમની રાત્રે ગરબે ઘુમતી મહિલાઓને કચ્છી ઓઢણીની લ્હાણી આપવામાં આવી હતી.
- માણસા-ગાંધીનગર હાઈવે પર અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલ યુવાનને પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરીએ સારવાર માટે ૧૦૮ બોલાવી યુવાનને હોસ્પિટલમાં ખસેડ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશનની કામગીરી ધીમી પડી છે.
- કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણના નેતૃત્વમાં જિલ્લામાં આજે આવેલી જન આશીર્વાદ યાત્રાને મિશ્ર પ્રતિસાદ મળતાં જિલ્લા ભાજપમાં સન્નાટો જોવા મળી રહ્યો હતો.
- શહેરમાં બદલાયેલા મોસમના મિજાજની સાથેસાથે શરદી-ખાંસીના દર્દીઓની સંખ્યા વધવા પામી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧